કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- msbsmc@gmail.com
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

સત્યમ્-શિવમ્-સુંદરમ્

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ગોપીપુરા, પારસીવાડ, સુરત. - ૩૯૫૦૦૧

જાવક નં :- 9329

તા. ૯/૧/૨૦૧૭

પ્રતિ,

આચાર્યશ્રી, તમામ

ન.પ્રા.શિ.સમિતિ.

વિષય : મકરસક્રાંતિના પર્વ નિમિતે પતંગની દોરીથી ઘાયલ થતા પક્ષીઓના બનાવો ઓછા કરવા અને પક્ષીઓને તાત્કાલિક સારવાર મળે તેવી વ્યવસ્થા કરવા બાબત.

સંદર્ભ-પ્રાશિનિ-સંકલન-મકરસક્રાંતિ-ફા.૩-૨૦૧૭-૮૯-૧૭૩તા.૦૪-૦૧-૨૦૧૭

ઉપરોકત વિષય અને સંદર્ભે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,સુરત સંચાલિત પ્રાથમિક શાળાનાં તમામ આચાર્યશ્રીઓને જણાવવાનુ કે, સમગ્ર દેશમાં તા.૧૪મી જાન્યુઆરીનાં રોજ ઉજવવામાં આવતાં મકરસંક્રાંતિ પર્વ નિમિતે પતંગની દોરીથી ઘાયલ થતા પક્ષીઓની તાત્કાલિક સારવાર માટે તેમજ આવા બનાવો ઘટાડવા માટે તા.૧-૦૧-૨૦૧૭ થી તા.૨૦-૦૧-૨૦૧૭ દરમ્યાન પક્ષીઓ માટે "કરૂણા" અભિયાન ચલાવવા માટેનો નિર્ણય લેવામાં આવેલ છે.

નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ,ન્યુ દિલ્હી દ્રારા તા.૧૪-૧૨-૨૦૧૬નાં રોજ કરવામાં આવેલ આદેશ અને તા.૨૩-૧૨-૨૦૧૬નાં રોજ વનમંત્રી દ્રારા તથા તા.૨૬-૧૨-૨૦૧૬નાં રોજ મુખ્ય સચિવશ્રી દ્રારા "કરૂણા" અભિયાનને સફળ બનાવવા માટે સુચન કરેલ છે કે,ઉતરાયણ પર્વ પછીના ૫-૬ દિવસો પક્ષીઓ માટે ઘાતક હોય છે.કારણ કે, નાયલોન દોરી/માંઝા જે ઝાડ પર, મકાન પર, જાહેર રસ્તાઓની આજુબાજુ વગેરે જગ્યાઓએ પડી રહે છે.તે પક્ષીઓ માટે ખુબ જ નુકશાનકારક છે.જેથી આવી દોરી/માઝાંને સાવચેતી પૂર્વક એક કરીને તેને એવી જગ્યાએ ખસેડવું જોઇએ જેનાથી પક્ષીઓને કોઇ આડઅસર ન થાય અને પછી એકત્ર કરેલ આવી નુકશાનકારક વસ્તુઓનો તાત્કાલિક નાશ પણ કરવો જોઇએ.આ પ્રવૃતિ કરવામાં શાળાના વિધાર્થીઓ રસ લઇ મદદ કરી શકે છે.જેથી નાનપણથી સારા સંસ્કાર પણ કેળવાશે.

શાળાઓમાં વિધાર્થીઓ દ્વારા શાળાની આજુબાજુના વિસ્તારમાં જો નાયલોન દોરી/માંઝા અથવા પક્ષીઓ માટે અન્ય નુકશાનકારક દોરી પડી હોય તો તેને સાવચેતીપૂર્વક નીકાળી,ભેગી કરી અન્યત્ર જગ્યાએ ખસેડવા સુચના આપવી.તે ઉપરાંત જીવદયા પર તૈયાર કરેલી સીડી દૂરદર્શન અને બાયસેગના સેટકોમ નેટવર્ક પર બતાવવામાં આવે ત્યારે તે વિધાર્થીઓને બતાવવાની વયવસ્થા  કરવી.(આ અંગેની તારીખ અને સમય જિલ્લાઓને અલગથી જણાવવામાં આવશે)

ઉપર મુજબની સુચનાઓ વિધાર્થીઓને આપી "કરૂણા"  અભિયાનને સફળ બનાવવા જણાવવામાં આવે છે.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત